**ક્રિ.કેસ. નં.૧૧૦૯/૦૫**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

૧. કેસનું રેકર્ડ વંચાણે લેધુ. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨. આરોપી સામે નોંધાયેલ ફરીયાદ આધારે તપાસના અંતે ફરીયાદપક્ષે હાલનું ચાર્જશીટ રજુ કર્યા બાદ આરોપીને વાંરવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે રેકર્ડ તપાસતા આરોપીને જામીને ઉપર મુકત કરવમાં આવેલ છે કેમ કે, જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી. આ કામ સમન્સ ટ્રાયેબલ પધ્ધતીથી ચલાવવાનું હોઈ, તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતા કેસ ઘણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી તેમજ ના.ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી/૨૯૧૭/૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ ને ધ્યાને લેતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં સદર કેસ નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ ટીમ ધ્વારા આઈડન્ટીફાઈ કરેલ છે. જેના સમન્સ ટીમ ધ્વારા કાઢી મોકલાવેલ છે. જે સમન્સની બજવણી થયેલ નથી. કેસ રેકર્ડ જોતા આરોપી મળી શકે તેવી શકયતા જણાતી નથી. વધુમાં **પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો A.I.R. 2002, 1856** નો ચુકાદો ધ્યાને લેતા, જે તે કોર્ટ જ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમ–૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદરહુ કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયીક જણાતો ન હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::: હુ ક મ :::</u>**

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તેમ છતાં પોલીસ આરોપીની શોધ કરી, મળી આવે તો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

આરોપી જો રોકડ જામીન પર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડ નાણાં કબ્જે લીધેલ હોય તો તે અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા.

આ કામે કોઈ મુદ્દામાલ વાહન અથવા અન્ય કોઈ કિંમતી મુદ્દામાલ અટક કરેલ હોય અને તે અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા માલિકીનો આધાર રજુ કર્યેથી માલિકને પરત સોંપવાનો અને અપીલ સમય બાદ સરકાર દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.પુરાવો

હુકમ આજરોજ નામદાર વડી અદાલત ધ્વારા નકકી કરવામાં આવેલ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૮/૧૨/૨૦૧૮.

(મેહુલકુમાર કિશોરસિંહ ખેર)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૧, અમદાવાદ.
**(GJ00859)**

KGHOTWANI23/8-1/73